અમદાવાદ, **શનિવાર**, તા. 3 સપ્ટેમ્બર, ૨૦૨૨ વર્ષ : ૩૪ અંક : ૭૬ પાનાં : ૨૪ કિંમત : રૂા. ૫.૦૦ AHMEDABAD | **SATURDAY** | SEPTEMBER 3 | 2022 VOL XXXII NO 76 | 24 PAGES | Rs 5.00

સર્વપ્રથમ ગુજરાતી આર્થિક દૈનિક

ફાયનાન્સિયલ એક્સપ્રેસ

Published Since 1991

આચમન

આંગળીના ટેરવે ઝીલાયેલા આંસુનું મૂલ્ય ત્યારે વધી જાય છે જ્યારે એ આંગળી આપણા માણસની હોય.

એઆઇ તેના પ્રવાસીઓને ચેતવણી આપવા માટે નવી સિસ્ટમ લાવશે

■ પાનું ૨૪

સરકારની બેંકોને શૈક્ષણિક હેતુ માટેનું ધિરાણ વધારવા તાકીદ

■ પાનું ૨

ફાઇવ-જી રોલઆઉટની સંભાવનાથી ઉત્સાહિત છીએ : એચએમડી કંપની

■ પાનું ૨૪

ફુગાવાને કાબૂમાં રાખવાની સાથે વૃદ્ધિને અસર નહીં થાય તે જોઇશું : શક્તિકાંત

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે આજે જણાવ્યું હતું કે, મધ્યસ્થ બેંક ફુગાવાને નિયંત્રણમાં રાખવાના ઉદ્દેશ્યને પ્રાથમિકતા આપી રહી છે અને તેની સાથે સાથે વિકાસ દર પર તેની અસર થાય નહીં તેનો પણ ખ્યાલ રાખવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, ભારતના વિકાસ દર અને ફુગાવાને વૈશ્વિક પરિબળો અસર કરી રહ્યાં છે.

એક મુલાકાતમાં તેમણે આ મત વ્યક્ત કરવાની સાથે જણાવ્યું હતું કે, સ્થાનિક આર્થિક પ્રવૃતીઓ જેમાં ઊંચી આવૃતી ધરાવતા નિર્દેશાંકોનો સમાવેશ થાય છે તેમાં સુધારો જોવા મળી રહ્યો છે. મધ્યસ્થ બેંક એ પણ અભ્યાસ કરી રહી છે કે, જીડીપીનો વિકાસ દર એપ્રીલ-જુન મહિનામાં આરબીઆઇના અંદાજો કરતા કેમ નીચો રહ્યો છે.

ભારતના જીડીપીમાં જુન ૨૦૨૨ના ત્રિમાસિક ગાળામાં ૧૩.૫ ટકાનો વધારો જોવા મળ્યો હતો. જે વર્ષનો સૌથી ઝડપી વિકાસ દર બતાવે છે કારણ કે, અગાઉના ત્રિમાસિક ગાળામાં જીડીપીનો વિકાસ દર ૪.૧ ટકા રહ્યો હતો. નાણાંકીય વર્ષ ૨૦૨૨ના ડિસેમ્બરના ત્રિમાસિક ગાળામાં વિકાસ દર ૫.૪ ટકા રહ્યો હતો અને સપ્ટેમ્બર ૨૦૨૧ના ત્રિમાસિક ગાળામાં વિકાસ દર ૮.૪ ટકા રહ્યો હતો. જોકે નાણાંકીય વર્ષ ૨૦૨૩ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વિકાસ દર આરબીઆનો ૧૬.૨ ટકાનો અંદાજ હતો તેના કરતા નીચો રહ્યો હતો.

દેશનો ફુગાવાનો દર એપ્રીલમાં ૭.૭૯ ટકા રહ્યો હતો. જે મે મહિનામાં ઘટીને ૭.૦૪ ટકા થયો અને ત્યાર બાદ વધારે ઘટીને જુન મહિનામાં ૭.૦૧ ટકા થયો. વપરાશી ફુગાવાનો દર જુલાઇમાં ઘટીને ૬.૭૧ ટકા થયો. જોકે આરબીઆઇનું જે ૨-૬ ટકાનું લક્ષ્યાંક છે તેના કરતા વધારે છે.

આરબીઆઇના ગર્વનરે જણાવ્યું કે, પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપીનો વિકાસ દર જે રહ્યો તેના પર મોનેટરી પોલિસી કમિટિની આગામી બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે, વૈશ્વિક અર્થતંત્રમાં નરમાઇ અને વૈશ્વિક ફુગાવો ભારતને અસર કરી રહ્યો છે. આરબીઆઇ તમામ બેંકના ધિરાણના કામકાજ પર નજર રાખી રહી હોવાનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, જ્યારે કોઇ એક ક્ષેત્રમાં ધિરાણનો વિકાસ દર વધારે પડતો જોવા મળે ત્યારે બેંકોને તે બાબતે સાવધ કરવામાં આવે છે. અમારા ડિજિટલ નિયમોને લેન્ડરના તમામ સેગમેન્ટનો સારો પ્રતિસાદ મળ્યો છે. આરબીઆઇના જે નવા ડિજિટલ નિયમો છે તે ગ્રાહક કેન્દ્રી છે અને તેમાં પારદર્શિતા પર ભાર મુકવામાં આવ્યો છે. આરબીઆઇના ડિજિટલ નિયમો જોખમના આંકલન, વ્યવસ્થાન અને તેને ખાળવા પર ભાર મુકતા હોય તે રીતે તૈયાર કરવામાં આવ્યા છે.

ટીસીએસ માત્ર અનુભવી કર્મીઓની માટે જ વેતન મૂલ્યાંકન હાથ ધરશે

એફઈ બ્યૂરો
બેંગ્લુરૂ, તા.૨

મુંબઈ સ્થિત આઈટી સર્વિસ ક્ષેત્રની અગ્રણી કંપની તાતા કન્સલ્ટન્સી સર્વિસ (ટીસીએસ) ફક્ત અનુભવી કર્મચારીઓનું જ વેતન મૂલ્યાંકન કરશે અને કંપનીમાં નવા જોડાનાર જેમણે માત્ર એક વર્ષ પૂર્ણ કર્યું છે તે પાત્ર રહેશે નહિં. ટીસીએસ કર્મચારીઓને મોકલવામાં આવેલા એક પત્રમાં જણાવ્યું છે કે જેમણે ૧ એપ્રિલ અથવા તે પછી તેમનું પ્રથમ વર્ષ પૂર્ણ કર્યું છે તેમને એક વર્ષ પૂર્ણ થવા પર કોઈ ઈન્ક્રીમેન્ટ મળશે નહિં. અમે હંમેશા ઉદ્યોગોના માપદંડના અનુરૂપ વધારો કર્યો છે. રોગચાળા દરમિયાન પણ અમે પગાર વધારાને કોઈ અસર ન થાય તે સુનિશ્ચિત કર્યું હતું. તમામ અનુભવી ભરતીઓને વાર્ષિક પગાર મૂલ્યાંકનના ભાગરૂપે વધારો આપવામાં આવસે જે તેમની એક વર્ષની વર્ષગાઠને અનુસરે છે. આ વિકાસ એવા સમયે થયો છે જ્યારે આઈટી સેવાઓ કંપનીઓ ઉચ્ચ કર્મચારી ખર્ચ, નીચા ગ્રેજ્યુએટ અપટેક, કિંમતોમાં મર્યાદિત વધારો, મુસાફરી ખર્ચ અને ઉચ્ચ ઓનસાઈટ ફુગાવાના કારણે માર્જિન ધોવાણને કારણે ખર્ચમાં ઘટાડો કરવા માગે છે. આઈટી કંપનીઓમાં કર્મચારીઓના પગારનો હિસ્સો સામાન્ય રીતે કુલ ખર્ચના ૫૦થી ૬૦ ટકા જેટલો હોય છે. ઘણી આઈટી કંપનીઓએ કર્મચારીઓના વેરિએબલ પગારમાં કાં તો મુલતવી રાખી છે અથવા તેમાં ઘટાડો કર્યો છે. જ્યારે ઈન્ફોસિસ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકગાળામાં પગારના ૭૦ ટકા અમલ કરવાના યોજના ધરાવે છે. તો વિપ્રોએ મધ્ય અને વરિષ્ઠ સ્તરના કર્મચારીઓની ચૂકવણીને સ્થગિત કરી છે. અગાઉ ટીસીએસએ વેરિયેબલ પગારમાં મુલતવી રાખવા અંગેના મીડિયા અહેવાલોને નકારી કાઢ્યા હતાં અને કહ્યું હતું કે, તેના ૬,૦૦,૦૦૦થી વધુ કર્મચારીઓને પ્રથમ ત્રિમાસિકગાળા માટે સંપૂર્ણ વેરિયેબલ ઘટક પ્રાપ્ત થશે. અમને અમારા વળતર અંગેના સંપૂર્ણ ખોટા અહેવાલો મળ્યા છે.

વેરિયેબલ પગાર કાં તો સામાન્ય પ્રક્રિયા મુજબ મહિનાના એક અથવા બીજા મહિનામાં ચૂકવવામાં આવે છે અને આ પ્રક્રિયામાં કોઈ વિબંબ થતો નથી. પ્રથમ ત્રિમાસિકગાળામાં ૧૦૦ ટકા વેરિયેબલ પગાર ચૂકવવામાં આવે છે, તેમ ટીસીએસએ તેના એક નિવેદનમાં જણાવ્યું હતું.

ગોયલની યુએસની મુલાકાત આગામી સપ્તાહે

ગોયલ યુએસના પ્રવાસમાં વ્યાપાર પ્રતિનિધિ, વાણિજ્ય મંત્રીને મળશે

બીએસઇ

	સેન્સેક્સ	બીએસઈ-૧૦૦
ખૂલી	૫૮,૯૬૯.૦૨	૧૮,૧૦૪.૫૧
વધી	૫૯,૧૦૮.૬૬	૧૮,૧૪૨.૩૬
ઘટી	૫૮,૫૫૮.૬૪	૧૭,૯૯૧.૩૦
બંધ	૫૮,૮૦૩.૩૩	૧૮,૦૨૯.૮૨
પા.બંધ	૫૮,૭૬૬.૫૯	૧૮,૦૩૮.૯૧

એસ એન્ડ પી નિફ્ટી

ખૂલી	૧૭,૫૯૮.૪૦
વધી	૧૭,૬૪૩.૮૫
ઘટી	૧૭,૪૭૬.૪૫
બંધ	૧૭,૫૩૯.૪૫
પા. બંધ	૧૭,૫૪૨.૮૦

બીએસઇ-ક્ષેત્રિય

	પાછલો બંધ	આજનો બંધ
મિડ-કેપ	૨૫,૫૫૪.૨૫	૨૫,૪૬૩.૯૧
સ્મોલ-કેપ	૨૮,૭૮૯.૩૦	૨૮,૮૦૦.૮૨
બેન્કેક્સ	૪૫,૦૧૭.૫૬	૪૫,૧૯૭.૧૪
આઈટી	૨૮,૪૩૦.૩૯	૨૮,૨૯૯.૩૯
મેટલ	૧૮,૮૬૭.૯૫	૧૮,૯૯૩.૧૮

પીટીઆઈ
નવી દિલ્હી, તા.૨

વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલ આગામી સમાહે અમેરિકામાં દ્વિપક્ષીય બેઠકો યોજશે અને વેપાર તથા રોકાણ સંબંધોને વેગ આપવાના માર્ગો પર ચર્ચા કરશે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, પ્રધાન ૫ સપ્ટેમ્બરથી છ દિવસ માટે સેન ફ્રાન્સિકો અને લોસ એન્જલીસના પ્રવાસે જવાના છે. આ મુલાકાત દરમિયાન ગોયલ લોસ એન્જલિસ ખાતે ઈન્ડો-પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પરિટીની (આઈપીઈએફ) બે દિવસીય મંત્રી સ્તરીય બેઠકમાં ભાગ લેશે, તેમ અધિકારીએ જણાવ્યું હતું. તે આઈપીઈએફ મંત્રી સ્તરની બેઠકની બાજુમાં યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ કેથરીન તાઈ અને યુએસ સેક્રેટરી ઓફ કોમર્સ જીના એમ રેમોન્ડોને મળશે. આઈપીઈએફ ૨૩ મેના રોજ ટોકયો ખાતે યુએસ અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના અન્ય ભાગીદાર દેશો દ્વારા સંયુક્ત રીતે શરૂ કરવામાં આવ્યું હતું. તે પ્રદેશમાં સ્થિતિસ્થાપકતા, ટકાઉપણું, સર્વસમાવેશકતા, આર્થિક વૃદ્ધિ, નિષ્ણક્ષતા અને સ્પર્ધાત્મકતા વધારવાના ઉદ્દેશ્ય સાથે સહભાગી દેશો વચ્ચે આર્થિક ભાગીદારીને મજબૂત કરવામા માગે છે. આઈપીઈએફમાં ૧૪ સભ્યો છે જેમાં ઓસ્ટ્રેલિયા, બ્રુનેઈન, ફ્રિઝી, ભારત, ઈન્ડોનેશિયા, જાપાન, કોરિયા, મેલેશિયા, ન્યુઝિલેન્ડ, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ, વિયેતનામ અને અમેરિકાનો સમાવેશ થાય છે. આ મંત્રી સ્તરીય બેઠકમાં વેપાર, પુરવઠા શૃંખલા, સ્વચ્છ અર્થવ્યવસ્થા અને ન્યાયી અર્થવ્યવસ્થાને લગતા ચાર સ્તંભોની આસપાસ ચર્ચા કરવામાં આવશે. મંત્રી સ્તરની બેઠક દરમિયાન વ્યાપક આર્થિક માળખા માટે સામૂહિક રીતે કામ કરવા પર ધ્યાન કેન્દ્રીત કરીને વિગતવાર ચર્ચા કરવામાં આવશે જે આર્થિક પ્રવૃત્તિ અને રોકાણને ઉત્તેજિત કરશે અને ટકાઉ તથા સમાવિષ્ટ આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપશે, તેમ અધિકારીએ જણાવ્યું હતું. ગોયલ આઈપીઈએફના અન્ય સભ્ય દેશો સાથે પણ દ્વિપક્ષીય બેઠક કરવાના છે. સેન ફ્રાન્સિસ્કો તબક્કો ટોચના ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને મુખ્યત્વે સિલિકોન વેલીમાં સ્થિત ભારતીય ડાયસ્પોરા સાથે વાતચીત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરશે. અધિકારીએ જણાવ્યું હતું કે, સેમિકન્ડક્ટર, ટેકનોલોજી અને ફિન્ટેક સહિત ઈલેક્ટ્રોનિક્સ જેવા ક્ષેત્રોમાં ભારતમાં રોકાણ અથવા વિસ્તરણ કરવા માગતા અમેરિકન કંપનીઓ સાથે કેન્દ્રીત ચર્ચા કરવામાં આવશે.

ભારતીય મૂળના લક્ષ્મણ નરસિમ્હન સ્ટારબક્ષના વડાનો હોદ્દો સંભાળશે

સ્ટારબક્સે ભારતીય મુળના લક્ષ્મણ નરસીમ્હનની સીઇઓ તરીકે નિમણુંક કરી તેની સાથે ગ્લોબલ ઇન્ડીયન સીઇઓમાં વધુ એક નામનો ઉમેરો થયો છે. તેઓ સ્ટારબક્સમાં નિમણુંક પામ્યા તેના થોડા કલાકો પહેલા રેકીટ્ટમાંથી તેઓ નીકળી રહ્યાં હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

તેઓ સંચાલક મંડળમાં એપ્રીલ ૧, ૨૦૨૩થી જોડાશે અને જ્યારે સ્ટારબક્સનો હવાલો તેઓ ઓક્ટોબરની પહેલી તારીખથી સંભાળી લેશે. શરૂ આતના તબક્કામાં તેઓ આવી રહેલા સીઇઓ તરીકે જોડાશે અને તેની સાથે લંડનથી તેઓ સીયેટલ આવશે અને સીઇઓની કામગીરી અને સંચાલક મંડળમાં જોડાતા પહેલા તેઓ વચગાળાના સીઇઓ હોવર્ડ સ્કુલ્ટ્ઝના સહયોગમાં કામ કરશે. નરસીમ્હન વૈશ્વિક વપરાશકારો સાથે સંકળાયેલી બ્રાન્ડમાં નેતૃત્વ અને સલાહકીય કામકાજનો ૩૦ વર્ષનો અનુભવ ધરાવે છે. તેઓ ઉદ્દેશ્ય સાથેની બ્રાન્ડને વિકસાવવાની કામગીરીમાં સફળ પુરવાર થયેલા હોવાનું કંપનીએ જણાવ્યું છે. સ્થળાંતરણના સમયગાળા દરમિયાન નરસીમ્હન તેમનો સમય સ્કુલ્ટ્ઝ, મેનેજમેન્ટ ટીમ, ભાગીદારો અને વપરાશકારો સાથે પસાર કરશે. જેથી કરીને કંપનીની કામ કરવાની પધ્ધતીનો તેમને સઘન અનુભવ મળી શકે. તેઓ સ્ટારબક્સના સ્ટોર, ઉત્પાદન મથકો અને ફોમી ફાર્મની પણ મુલાકાત લેશે. દરમિયાનમાં સ્ટારબક્સના નવા સીઇઓ બ્રુકીંગ્સ ઇન્સ્ટીટ્યુશનના ટ્રસ્ટી, ફોરેન રીલેશન કાઉન્સિલના સભ્ય તરીકેનો પણ દરજ્જો ધરાવે છે.

સરકારે ૩ રાજ્યોને બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી

કેન્દ્ર સરકારે ત્રણ રાજ્યો- હિમાચલ પ્રદેશ, ગુજરાત અને આન્ધ્ર પ્રદેશને બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવા માટેની સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. આ સ્કીમનો નાણાંકીય આઉટલેટ રૂપિયા ત્રણ હજાર કરોડનો છે, જેની આવા રાજ્યોને બલ્ક ડ્રગ પાર્કસ સ્થાપવા માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. ધી ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ્સે કહ્યું છે કે ત્રણ રાજ્યોની આવી દરખાસ્તોને સૈદ્ધાંતિક મંજૂરી બલ્ક ડ્રગ પાર્કસની પ્રમોશન માટેની સ્કીમ હેઠળ આપવામાં આવી છે, દેશમાં બલ્ક ડ્રગ્સ ઉત્પાદનને સપોર્ટ આપવામાં મુખ્ય પગલું બની રહેશે તેમ કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઇઝર્સ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે. ગુજરાત અને આન્ધ્ર પ્રદેશમાં સૂચિત સુવિધાઓને નાણાકીય સહાય કોમન ઇન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓના પ્રોજેક્ટ ખર્ચના ૭૦ ટકા રહેશે, તેમ નિવેદનમાં વધુમાં જણાવાયું છે. એક બલ્ક ડ્રગ પાર્ક હેઠળ મહત્તમ સહાયની મર્યાદા રૂપિયા એક હજાર કરોડની રહેશે, તેમ નિવેદનમાં જણાવાયું છે. રાજ્યો દ્વારા રજૂ કરવામાં આવેલી દરખાસ્તોમાં, આવો પાર્ક ૧,૪૦૨.૪૪ એકર જમીનમાં હિમાચલ પ્રદેશના ઉના જિલ્લામાં અને ગુજરાતના ભરૂચ જિલ્લામાં તેમ જ આન્ધ્રના ઇસ્ટ ગોદાવરી જિલ્લામાં ૨,૦૦૦.૪૫ એકર જમીનમાં સ્થાપવામાં આવશે.

આઇએનએસ વિક્રાંત

સંરક્ષણ ક્ષેત્રને સ્વનિર્ભર બનાવવાના ઝોકનું ઉત્તમ દ્રષ્ટાંત છે : વડાપ્રધાન

પીટીઆઇ
કોચી, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે, આઇએનએસ વિક્રાંત એ સંરક્ષણના ક્ષેત્રને આત્મનિર્ભર બનાવવાના ભારતીય સરકારના વલણનું દ્રષ્ટાંત છે અને સરકારે દેશને એવા પસંદગીયુક્ત દેશોનો ભાગ બનાવ્યો છે, જેઓ પોતાની રીતે એરક્રાફ્ટ કેરિયર બનાવી શકે છે.

સાથે જ મોદીએ ભારતીય નૌકા દળના નવા પ્રતીકનું અનાવરણ કર્યું હતું, જેમાંથી સેન્ટ જ્યોર્જના ક્રોસને દૂર કરવામાં આવ્યો છે અને છત્રપતિ શિવાજી મહારાજની રાજવી મહોરને આવરી લેવામાં આવી છે.

આઇએનએસ વિક્રાંતના લોન્ચિંગના સમારોહ નિમિત્તે એકઠી થયેલી વિશાળ જનમેદનીને સંબોધતાં મોદીએ કહ્યું હતું કે, નવા ચિહ્ન સાથે દેશે તેના બ્રિટિશ સંસ્થાનવાદી ભૂતકાળને પાછળ છોડી દીધો છે.

આજદિન સુધી ભારતીય નૌકા દળના ધ્વજમાં ગુલામીનું ચિહ્ન મોજૂદ હતું, જેને સ્થાને છત્રપતિ શિવાજી મહારાજથી પ્રેરિત નવા ચિહ્નને સામેલ કરવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

સાથે જ પીએમે એરક્રાફ્ટ કેરિયરનાં ચોક્કસ ફિચર્સ વિશે વાત કરી હતી. આ એરક્રાફ્ટ કેરિયરને તેમણે તરતું એરફિલ્ડ, તરતું નગર પણ ગણાવ્યું હતું અને કહ્યું હતું કે, એમાંથી ઉત્પાદિત થતી વીજળીમાંથી ૫,૦૦૦ ઘરોમાં રોશની થઇ શકે છે.

આઇએનએસ વિક્રાંત કેવળ એક યુદ્ધ મશીન નથી, બલ્કે તે ભારતના કૌશલ્ય અને પ્રતિભાનો પુરાવો છે. એ ખાસ છે, અલગ છે, એમ મોદીએ જણાવ્યું હતું અને આ મહાકાય જહાજને તૈયાર કરવા પાછળ કરવામાં આવેલા પ્રયાસો વિશે વાત કરી હતી.

કેન્દ્રે ૮ વર્ષમાં એમજીનરેગા પાછળ રૂા.૫ લાખ કરોડ ખર્ચ્યા : એફએમ

પીટીઆઇ
હૈદરાબાદ, તા. ૨

કેન્દ્ર સરકારે છેલ્લાં આઠ વર્ષોમાં એમજીનરેગા યોજના પાછળ રૂપિયા પાંચ લાખ કરોડનો ખર્ચ કર્યો છે, જેમાંથી ૨૦ ટકા રકમ કોરોના મહામારી દરમિયાન ખર્ચાઇ હતી, એમ કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામમને જણાવ્યું હતું.

ગુરુવારે તેલંગણાના કામારેડ્ડી જિલ્લામાં પત્રકારો સાથે વાત કરતાં નાણાં મંત્રીએ કહ્યું હતું કે, રાજ્યને મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરન્ટી સ્કીમ હેઠળ છેલ્લાં આઠ વર્ષોમાં રૂપિયા ૨૦,૦૦૦ કરોડ આપવામાં આવ્યા હતા.

છેલ્લાં ૮ વર્ષોમાં તેલંગણાને એમજીનરેગા હેઠળ રૂપિયા ૨૦,૦૦૦ કરોડ મળ્યા છે.

સમાન ગાળા દરમિયાન સમગ્ર દેશમાં રૂપિયા પાંચ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે, જેમાંથી ૨૦ ટકા કરતાં વધુ રકમ કોરોના મહામારી દરમિયાન ૨૦૨૦-૨૧માં વપરાઇ હતી, એમ તેમણે એક સવાલનો જવાબ આપતાં કહ્યું હતું.

જો નાણાંનો યોગ્ય વપરાશ કરવામાં આવ્યો ન હતો અથવા તો ઓડિટ રિપોર્ટ અંગે કોઇ ટિપ્પણી કરવામાં આવે, તો આ સરવે ટીમો સામે મહત્ત્વનો મુદ્દો ઉપસ્થિત થશે.

યોજના પર કાપ મૂકવા માટે સરવે ટીમોને મોકલવામાં આવી રહી હોવાના આક્ષેપોના સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, સરવે ટીમો જો વિસંગતતાઓ જણાય, તો તેમને દૂર કરશે.

યુપીએના શાસનકાળ દરમિયાન આ યોજનામાં ઘણાં છીંડાં હતાં અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે એ છીંડાં દૂર કર્યાં અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) મારફત તેનો અમલ કરવામાં આવી રહ્યો છે, એમ સીતારામને જણાવ્યું હતું.

વધતા દેવા, ખેડૂતોની હતાશા તથા અન્ય પ્રશ્નો મામલે તેલંગણામાં ટીઆરએસની સરકારની ટીકા કરતાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, એક સમયે ઉમેરારૂપ આવક ધરાવનારું રાજ્ય હવે આવકની ખોટ અનુભવી રહ્યું છે.

ગુરુવારના રોજ નાણાં મંત્રીએ લોકસભા પ્રવાસ યોજનાના ભાગરૂપે કામારેડ્ડી શહેર ખાતે ઝહીરાબાદ સંસદીય મત વિસ્તારના મંડળ પ્રમુખો, કાર્યકર્તાઓ તથા જિલ્લા ઓફિસ-બેરર્સ સાથે બેઠક યોજી હતી.

સર્વપ્રથમ ગુજરાતી આર્થિક દૈનિક
ફાયનાન્સિયલ એક્સપ્રેસ

અર્થતંત્રમાં કપરા ચઢાણના મળી રહેલા સંકેતોને સમજવા પડશે

દાસ-મોદીની મુશ્કેલી વધારે તેવા મૂડીઝના અંદાજો

રેટિંગ એજન્સી મૂડીઝના અંદાજો જોવામાં આવે તો જી-૨૦સમુહના અર્થતંત્રોમાં વિકાસ દર ૨૦૨૨માં ૨.૫ ટકા અને ૨૦૨૩માં તેનાથી ઘટીને ૨.૧ ટકા રહેશે તેવા સંકેતો આપી રહ્યાં છે. તેના આ અંદાજોને ધ્યાનમાં લેતા અગાઉ જે ચિંતા અર્થતંત્રો બાબતે સેવવામાં આવી રહી હતી તેને ટેકો મળે છે. મધ્યસ્થ બેંકો ફુગાવાને નિયંત્રણમાં લેવા માટે જે આકરા પગલા લઇ રહી છે તેના લીધે અર્થતંત્રોમાં નરમાઇ જોવા મળી રહી હોવાનું સમજાય છે. તેનો વ્યાપ હવે વધી રહ્યો છે. મૂડીઝનું માનવું છે કે, મુખ્ય ફુગાવો નરમ પડે તો પણ યુએસ ફેડ હળવી નાણાં નીતિ તરફનો ઝોક નહીં રાખે. સંજોગો જ્યારે સંપૂર્ણપણે કાબૂમાં હશે તેવું પ્રતિત થશે ત્યારે જ ફેડ તેની નીતિઓમાં ફેરફાર કરશે.

આ સંજોગોમાં વૈશ્વિક અર્થતંત્રમાં નરમાઇનો દોર ચાલુ રહે અને વિકસિત અર્થતંત્રોમાં માંગ નબળી પડે. જેની સીધી અસર ભારત સહિતના વિકાસ પામી રહેલા બજારો પર પડી શકે છે. અગાઉના અનુભવોને આધારે કહી શકાય કે, વૈશ્વિક વિકાસ દર અને ભારતના સ્થાનિક વિકાસ દર વચ્ચે એક સીધો સહ-સંબંધ છે. વૈશ્વિક અર્થતંત્ર નરમ પડતા નિકાસમાં ઘટાડો થાય અને તેની અસર ઉત્પાદન ક્ષેત્ર અને રોકાણો પર જોવા મળે છે. થોડા ત્રિમાસિક ગાળાઓના અંતરાલ સાથે આ અસર જોવા મળે છે. મહત્વની ચીજવસ્તુઓમાં આયાત પર અવલંબન હોવાને કારણે ભારતને ચલણમાં મુલ્યના મોરચે સહન કરવાનું આવે છે અને તેની સાથે ફુગાવામાં વધારાની સ્થિતિ સર્જાય છે.

તરલતાના મોરચે કપરા સંજોગો અને વૈશ્વિક વેપારમાં નરમાઇની સીધી અસર દેશના અર્થતંત્ર પર જોવા મળી રહી છે. વૈશ્વિક વેપાર મોટાભાગે ચીજવસ્તુઓ અને સામાન પર કેન્દ્રીત થયેલો છે અને હવે યુએસ, યુરોપની વપરાશી માંગ તેના તરફથી સેવાઓ તરફ વળી રહી છે. પરિણામે વેપારના વિકાસ દરને સહન કરવાનું આવી રહ્યું છે. ભારતના કિસ્સામાં સેવાઓની નિકાસ સારી જોવા મળી રહી છે પણ ચીજવસ્તુઓ અને સામાનમાં નિકાસ કામકાજમાં ઘટાડા તરફી વલણ જોવા મળી રહ્યું હોવાથી ચિંતા વધી રહી છે. એક સમયે ચીજવસ્તુઓ અને સેવાઓમાં નિકાસનો વિકાસ દર ૨૦૧૯-૨૧ના ગાળામાં એપ્રીલ-જુલાઇના સમયગાળામાં ૮.૭ ટકા હતો તે ઘટીને ૨૦૨૨ના એપ્રીલ-જુલાઇના સમયગાળામાં ૪.૯ ટકા પર આવી ગયો છે.

હકીકતમાં જુનમાં પુરા થતા ત્રિમાસિક ગાળામાં ચોખ્ખી નિકાસમાં ૬૦૦ બેઝીઝ પોઇન્ટનો ઘટાડો જોવાયો છે. આગામી ત્રિમાસિક સમયગાળામાં જોકે ચોખ્ખી નિકાસની અસર ઓછી થશે કારણ કે, સ્થાનિક માંગ નરમ પડવાની સાથે આયાતોમાં પણ તિવ્ર ઘટાડો જોવા મળી શકે છે. જોકે અહીંયા એક દલિલ એવી પણ કરવામાં આવી રહી છે કે, આયાતના કિસ્સામાં ઇલેક્ટ્રોનીક્સ અને ક્રુડમાં માંગ ઊંચી રહી શકે છે. વેપાર ખાધ જોવામાં આવે તો જુનમાં ૨૬ બિલિયન ડોલર જેટલી તો ઊંચી હતી જ અને હવે જુલાઇમાં ૩૧ બિલિયન ડોલરે પહોંચી છે. આ તમામ તથ્યો અને ભાવિ વલણોને ધ્યાનમાં લેતા નાણાંકીય વર્ષ ૨૦૨૩માં વેપાર ખાધ જીડીપીના ૧.૨ ટકા નાણાંકીય વર્ષ ૨૦૨૨માં હતી તે વધીને ૩.૫ ટકા પર પહોંચી શકે છે. જોકે સરકાર વીન્ડફોન પ્રોફીટ ટેક્સ જેવા અન્ય પગલાઓ લઇ શકે છે. જોકે ફુગાવાના સંદર્ભમાં આરબીઆઇએ મહત્વની ભૂમિકા ભજવવાની રહે છે. આરબીઆઇ વ્યાજ દર વધારો ચાલુ રાખશે તો આ કિસ્સામાં નાણાંકીય સાધનોની પડતર વધવાનું જોખમ રહેલું છે અને તેના કારણે માંગના મોરચે સહન કરવાનું આવી શકે છે. અહીંયા એવી પણ સંભાવના જોવાઇ રહી છે કે, ચલણના મુલ્યમાં હવે એટલો ઘટાડો કરવામાં નહીં આવે કે તેનાથી સંઘર્ષ કરી રહેલા નિકાસકારોને મદદ મળી શખે.

સરકારની બેંકોને શૈક્ષણિક હેતુ માટેનું ધિરાણ વધારવા તાકીદ

મિહિર મિશ્રા

જાહેર ક્ષેત્રની બેંકો ઓછા મૂલ્યના શૈક્ષણિક હેતુ માટેના ધિરાણમાં વસૂલાતના સવાલો ઊભા થયા હોવાનો મુદ્દો આગળ ધરીને ધિરાણ કરવા માટે આગળ નહીં આવી રહી હોવાના અહેવાલો મળી રહ્યાં છે. સરકાર સમક્ષ પણ આ બાબતે વખતો વખત રજૂઆતો થતી રહી છે કે, બેંકો ઓછા મૂલ્યની શૈક્ષણિક હેતુ માટેની ધિરાણની કામગીરીમાં ઠાગા ઠૈયા કરી રહી છે.

શૈક્ષણિક હેતુ માટેની ધિરાણની માંગણીને ક્ષુલ્લક કારણો આગળ ધરીને નકારી કાઢવામાં આવતી હોવાના તથ્યોને ધ્યાનમાં લઇને કેન્દ્ર સરકારે જાહેર ક્ષેત્રની બેંકોને શૈક્ષણિક હેતુ માટે ધિરાણ કરવા આગળ આવવાનો અનુરોધ કર્યો છે.

સત્તાવાર સૂત્રોએ આ તથ્યનો સ્વીકાર કરતાં જણાવ્યું કે, ગત અઠવાડિયે નાણાંકીય સેવાઓના વિભાગના ઉપક્રમે મળેલી બેઠકમાં આ મુદ્દે વિસ્તૃત ચર્ચા-વિચારણા થવા પામી હતી. આ બેઠકમાં બાર જેટલી સરકારી બેંકોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. બેઠક દરમિયાન બેંકોને જણાવાયું હતું કે, તેમના વિભાગ સમક્ષ આ બાબતે ઘણી ફરિયાદો આવી છે. સરકારમાં ઉચ્ચ સ્તરેથી લઇને વિવિધ સ્તરેથી આ બાબતે રજૂઆતો આવી રહી છે. સુત્રોના જણાવ્યા અનુસાર બેઠકમાં શૈક્ષણિક હેતુ માટેનું ધિરાણ વધારવા માટે તાકીદ કરવામાં આવી હતી.

બેંકોને તાકીદ કરવામાં આવી છે કે, શૈક્ષણિક હેતુ માટે ધિરાણ અંગેની કામગીરી ૧૫-૩૦ દિવસમાં પૂર્ણ કરવાની જે મુદત નક્કી કરવામાં આવી છે તે અનુસાર નિર્ણય લેવામાં આવે. નાટ્યાત્મક કારણો આગળ ધરીને શૈક્ષણિક હેતુ માટેના ધિરાણને નકારવામાં આવે નહીં તેવી સુચના પણ બેઠકમાં આપવામાં આવી હતી. સીબીલનો સહ-ધિરાણ લેનારનો સ્કોર અને અભ્યાસક્રમ ધિરાણ માટે લાયક નથી તેવા કારણોમાં તથ્ય નહીં હોવાનો સુર બેઠકમાં સરકાર તરફથી વ્યક્ત થયો હતો.



શૈક્ષણિક હેતુ માટે કરવામાં આવતા ધિરાણોમાં રૂા.૭.૫ લાખ સુધીના ધિરાણમાં કોલેટરલ સિક્યોરીટીનો આગ્રહ રાખવામાં આવે નહીં તેવી પણ સુચના બેંકોને આપવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક રૂા.૪.૫ લાખ સુધીની છે તેમના કિસ્સામાં શૈક્ષણિક હેતુ માટેના ધિરાણમાં સેન્ટ્રલ સેક્ટરની વ્યાજમાં સહાયની જે યોજના છે તે બાબતે પણ માર્ગદર્શન આપવા બેંકોને તાકીદ કરવામાં આવી છે.

સામે પક્ષે બેંકોએ તેમની વાત મુકતા જણાવ્યું હતું કે, શૈક્ષણિક હેતુ માટેના રૂા.૭.૫ લાખ સુધીના ધિરાણમાં એનપીએની સમસ્યા આડે આવી રહી છે. તેમના પાકા સરવૈયામાં જોવામાં આવે તો આ ધોરણે શૈક્ષણિક હેતુ માટે કરવામાં આવેલા ધિરાણમાં એનપીએની ટકાવારી વધારે જોવા મળી રહી છે. નાના પાયે કરવામાં આવતા ધિરાણમાં કસુરવારો વધારે જોવા મળી રહ્યાં છે. નાના પાયે શૈક્ષણિક હેતુ માટે ધિરાણ લેતા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ પુરો કર્યા બાદ રોજગારી નહીં મળી રહી હોવાથી તેની સીધી અસર બેંક ધિરાણની પરત ચુકવણી પર જોવા મળી રહી છે.

જુન ૩૦,૨૦૨૨ સુધીની આંકડાકીય વિગતો રજૂ કરવામાં આવી છે તે અનુસાર જાહેર ક્ષેત્રની બેંકોએ શૈક્ષણિક હેતુ માટે કરેલા ધિરાણ પૈકી ૮ ટકા એનપીએ થયું છે. શૈક્ષણિક હેતુ માટે રૂા.૭૯,૯૦૦ કરોડનું ધિરાણ કરવામાં આવ્યું તે પૈકી રૂા.૬,૨૪૬ કરોડનું ધિરાણ કસુરવાર પુરવાર થયું છે. તેની સામે બેન્કીંગ ક્ષેત્રની કુલ એનપીએ માર્ચ ૨૦૨૨ની સ્થિતિએ ૬ ટકાથી નીચે જોવા મળી રહી છે. જે ૨૦૧૬થી અત્યાર સુધીની નીચી સપાટી છે.

આ નોંધ લેતા આરબીઆઇના ડેપ્યુટી ગર્વનર રાજેશ્વર રાવે જણાવ્યું કે, માર્ચ ૨૦૨૨ સુધીમાં ચોખ્ખી એનપીએ ઘટીને ૧.૭ ટકા રહેવા પામી છે. શૈક્ષણિક હેતુ માટેના ધિરાણમાં ૨૯ ટકા ઉપરાંતના એનપીએ સાથે ઇન્ડીયન બેંક મોખરે આવે છે. ત્યાર પછીનો ક્રમ યુકો બેંકનો આવે છે. શૈક્ષણિક હેતુ માટેના ધિરાણમાં તેની એનપીએ ૧૮ ટકા રહેવા પામી છે. જે બાર બેંકો છે તે પૈકી છના કિસ્સામાં કસુરવારની સંખ્યા બે આંકડામાં જોવા મળી રહી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, શૈક્ષણિક હેતુ માટેના ધિરાણના સરકારી બેંકોના કુલ કામકાજમાં લગભગ અડધો હિસ્સો ધરાવતી સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા અને કેનેરા બેંકના કિસ્સામાં એનપીએની ટકાવારી પ્રમાણમાં ઓછી અનુક્રમે ૨.૨૩ અને ૩.૮૮ ટકા જોવા મળી રહી છે. શૈક્ષણિક હેતુ માટેના કુલ ધિરાણ પૈકી ૮ ટકા એનપીએ થવાનો ઘટનાક્રમ ચિંતાજનક હોવાનું એક બેંકરે જણાવ્યું હતું.

દરમિયાનમાં સરકારે જાહેર ક્ષેત્રની બેંકોના કિસ્સામાં ચાલુ નાણાંકીય વર્ષમાં શૈક્ષણિક હેતુ માટેના ધિરાણનું લક્ષ્યાંક રૂા. ૨૦,૦૦૦ કરોડ નક્કી કર્યુ છે. આ સંજોગોમાં સરકારી બેંકોએ પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૧૯ ટકા લક્ષ્યાંક હાંસલ કરવાનું રહે છે. ભારતમાં શૈક્ષણિક હેતુ માટે કરવામાં આવતા કુલ ધિરાણમાં ૯૦ ટકા હિસ્સો સરકારી બેંકોનો જોવા મળે છે.

ગ્લોબલ ફંડની કામગીરી સહયોગી સ્થાનિક કરતાં નબળી રહી

એફઇ બ્યૂરો

ભૂતકાળની સારી કામગીરીને કારણે આકાશ પર ચાલતા ઇન્ટરનેશનલ ફંડ હવે જમીન પર આવી ગયા છે. કેટેગરીના ધોરણે જોવામાં આવે તો આ ફંડોમાં એક વર્ષના સમયગાળામાં વળતર (-) ૧૨.૭ ટકા રહ્યું છે. તેની સામે ભારતીય ઇક્વિટીમાં રોકાણ કરતા ફંડના કિસ્સામાં વળતરનો દર ૪-૯.૫ ટકા રહ્યો છે. જે બતાવે છે કે, ઇન્ટરનેશનલ ફંડ તેમના સહયોગી સ્થાનિક ફંડની સરખામણીમાં વળતરના મોરચે ૧૭-૨૨ ટકા પાછળ રહ્યાં હોવાનું, વેલ્યૂ રિસર્ચની આંકડાકીય વિગતોથી સ્પષ્ટ થઇ રહ્યું છે. ઇન્ટરનેશનલ કેટેગરીમાં જોવામાં આવે તો વિકાસ પામી રહેલા બજારોના ફંડમાં ૩૦ ટકા કરતા વધારેનો ઘટાડો જોવા મળી રહ્યો છે અને યુએસ ટેક ફંડ એસએન્ડપી ૫૦૦ કરતા નીચે ગયા છે. રોકાણકારોનો ધસારો આ ફંડોમાં છેલ્લાં દોઢ વર્ષ દરમિયાન સારો જોવા મળી રહ્યો હતો. રોકાણકારો ત્રણ અને પાંચ વર્ષના તેમના વળતરના દરને ધ્યાનમાં લઇને દોડી રહ્યા હતા. વર્ષ ૨૦૨૧થી અત્યાર સુધીમાં ૨૯ સ્કિમ લોંચ કરવામાં આવી છે. તે પૈકી બાર જેટલી સ્કિમ યુએસ ઇક્વિટી પર કેન્દ્રીત થયેલી હતી.

આનંદ રથી વેલ્થના ડેપ્યુટી સીઇઓ ફીરોઝ અઝીઝે જણાવ્યું કે, "કમનસીબે રોકાણકારો જ્યારે રોકાણ અંગેના નિર્ણય લેતા હોય ત્યારે પાછળનું દશ્ય બતાવતા અરીસાના ધોરણે કામ કરે છે. ઇન્ટરનેશનલ ફંડની કામગીરી ડોમેસ્ટિક ઇક્વિટી ફંડની સરખામણીમાં ૧૭ ટકા ઉપરાંત નીચે રહી છે. જે લાંબાગાળાની ૩-૪ ટકાની સરેરાશ કરતા વધારે છે. જ્યારે આ ધોરણે કામગીરી નીચી રહે ત્યારે સ્વભાવિક રીતે તેમાં પુનઃમુલ્યાંકન જરૂરી બની જાય છે."



રોકાણકારોએ બે અને ત્રણ વર્ષની કામગીરીને ધ્યાનમાં લેવી જોઇએ તેવો ઉલ્લેખ કરતા અઝીઝે જણાવ્યું કે, કામગીરી બરાબર નથી જોવા મળી રહી તો તેમાં કોઇ માળખાકીય પરિબળો તો જવાબદાર નથી તેનો પણ રોકાણકારોએ તાગ કાઢવાનો પ્રયાસ કરવો જોઇએ. મોર્નીંગસ્ટાર ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર ઇન્ડીયાના પોર્ટફોલીયો સ્પેશીયાલીસ્ટ ડાયરેક્ટર ધવલ કાપડીયાએ જણાવ્યું કે, રોકાણકારો પરિણામોથી દોરવાય છે. કેટલાંક ફંડ ગત વર્ષે લોંચ કરવામાં આવ્યા તેમાં ૩૦-૪૦ ટકા ખોટ જોવા મળી રહી છે અને રોકાણકારોને તેની સામે પ્રતિસાદ આપવાનો કે નીકળવાનો સમય જ નથી મળી રહ્યો. વર્ષ ૨૦૧૪-૧૭ની વાત કરવામાં આવે તો સ્મોલ અને મીડકેપ સ્ટોકમાં મોટો વધારો જોવા મળ્યો. પરિણામે આવા ફંડમાં રોકાણ કરવા રોકાણકારો પ્રેરાયા. જેમાં ૨૦૧૮-૧૯ના કડાકામાં તેમને ૫૦ ટકા સુધીની ખોટ સહન કરવાની આવી. તેવી જ રીતે ક્રેડીટ રીસ્ક ફંડમાં આઇએલએન્ડએફએસની કટોકટી પહેલા સારા એવા રોકાણો આવ્યા અને ત્યાર બાદ તેવા ફંડમાં પછી રોકાણકારોને સહન કરવાનું આવ્યું.

મીરાઇ એસેટ એમએફના ચીફ એક્ઝીક્યુટીવ સ્વરૂપ મોહન્તીએ જણાવ્યું કે, તાજેતરમાં જે કામગીરી નબળી રહી છે તેના કારણે રોકાણકારોએ ગ્લોબલ ફંડથી દૂર રહેવાની જરૂર નથી. તમે જો દસ વર્ષની આંકડાકીય વિગતોનો અભ્યાસ કરશો તો સ્પષ્ટ થશે કે, આ વર્ષો દરમિયાન ત્રણ કે ચાર વર્ષ દરમિયાન ભારતની કામગીરી અન્યથી સારી રહી છે. ભારતની તરફેણમાં આંકડાઓ કોવીડ પછી જોવા મળ્યા. હવે તેના આધારે લાંબાગાળે પણ યુએસ અને અન્ય ગ્લોબલ ફંડ લાંબાગાળે પણ ભારતના ફંડ કરતા પાછળ રહેશે તેવા તારણ પર ના આવી શકાય. ભારતનો વર્લ્ડ માર્કેટ કેપમાં હજી માંડ ૩ ટકા હિસ્સો છે. તેની સામે એસએન્ડપી ૫૦૦નો હિસ્સો વર્લ્ડ કેપ માર્કેટમાં ૧૯ ટકા બેસે છે. તેવી નોંધ લેતા મોહન્તીએ જણાવ્યું કે, રોકાણકારોના રીસ્ક પ્રોફાઇલમાં સમયાંતરે બદલાવ આવ્યો છે અને તાજેતરમાં નબળી કામગીરી રહી હોવા છતાં તેમના ફંડમાં પરત ચુકવણી માટેનું કોઇ દબાણ નથી જોવા મળી રહ્યું તે એક વાસ્તવિકતા છે. ગ્લોબલ ફંડની કામગીરી બાબતે મને કોઇ સવાલ નથી કરવામાં આવી રહ્યાં. તેનાથી વિપરીત રોકાણકારો ફંડ ખુલવાની રાહ જોઇ રહ્યાં છે. જેથી કરીને પુનઃતેમાં રોકાણ કરી શકાય.

ખાનગી બેન્કો હવે એમએસએમઇને ધિરાણ કરવા આગળ આવી રહી છે

ખાનગી બેંકો હવે અતિનાના, લઘુ અને મધ્યમ કદના સાહસો (એમએસએમઇ)ને ધિરાણ કરવા માટે અગાઉના કરતા વધારે ઉત્સાહ સાથે આગળ આવી રહી હોવાના સંકેતો મળી રહ્યાં છે. સામે પક્ષે આ સેગમેન્ટમાંથી ધિરાણ માટેની માંગ પણ સારી એવી જોવા મળી રહી છે. ધિરાણની ચુકવણીમાં ખાનગી ક્ષેત્રની બેંકોના હિસ્સામાં વધારો જોવા મળી રહ્યો છે, આ વધારો તમામ સેગમેન્ટમાં જોવા મળી રહ્યો હોવા છતાં લઘુ અને મધ્યમ કદના એકમોમાં તેના ધિરાણ કામકાજમાં સારો એવો વધારો જોવાઇ રહ્યો છે.

નવા ડીસબર્સમેન્ટના કદની વાત કરવામાં આવે તો નાણાંકીય વર્ષ ૨૦૨૦ના ચોથા ત્રિમાસિક ગાળામાં તે સરેરાશ રૂા.૨૨ મિલિયન હતું તે વધીને હવે લગભગ બમણું રૂા.૪૪ મિલિયન નાણાંકીય વર્ષ ૨૦૨૨ના ચોથા ત્રિમાસિક ગાળામાં જોવા મળી રહ્યું છે. તેટલું જ નહીં આ ક્ષેત્રમાંથી આવી રહેલી પૂછપરછોની વાત કરવામાં આવે તો મહામારી પહેલા જે ધોરણે આવતી હતી તેની સામે ૭૦ ટકાનો વધારો જોવા મળ્યો છે.

તમામ બેંકોના કિસ્સામાં કોવીડના સંક્રમણના બીજા દોર બાદ બીનકાર્યક્ષમ અસ્ક્યામતોમાં વધારો જોવા મળ્યો હતો. જોકે હવે રિકવરીની વાત કરવામાં આવે તો ખાનગી ક્ષેત્રની બેંકોમાં રિકવરી સરકારી બેંકો કરતા વધારે ઝડપી હોવાનું જોવા મળી રહ્યું છે.

દેશની મહત્ત્વની માળખાકીય સવલતોનો વિકાસ દર ખોરવાયો

એફઇ બ્યૂરો

દેશના મહત્વના આઠ માળખાકીય સવલતોના કિસ્સામાં આઉટપુટમાં સતત બીજા મહિને ઘટાડા તરફી વલણ જોવા મળ્યું છે અને તેનો વિકાસ દર અગાઉના વર્ષે જે હતો તેની સરખામણીમાં છ મહિનાની નીચી સપાટીએ ૪.૫ ટકા જુલાઇમાં જોવા મળ્યો છે. વિકાસ દર જૂનમાં ૧૩.૨ ટકા હતો અને મે મહિનામાં વિકાસ દર તેર મહિનાની ઊંચી સપાટીએ ૧૯.૩ ટકા જોવા મળ્યો હતો.

માળખાકીય સવલતોના કિસ્સામાં વિકાસ દર જે ધોરણે ખોરવાયો તેની અસર ઇન્ડેક્સ ઓફ ઇન્ડસ્ટ્રીઅલ પ્રોડકશન (આઇઆઇપી)માં જુલાઇમાં જોવા મળી રહી છે. જે જૂન મહિનામાં ૬.૭ ટકા હતો. અત્રે એ ઉલ્લેખનીય છે કે, આઇઆઇપીમાં કોર ઇન્ડસ્ટ્રીઝનો હિસ્સો ૪૦.૩ ટકા બેસે છે. તમામ આઠ ક્ષેત્રમાં માસિક ધોરણે વિકાસ દરમાં નરમાઇ જોવા મળી રહી હોવાનું, ઉદ્યોગ મંત્રાલયે તાજેતરમાં જે આંકડાકીય માહિતી જાહેર કરી તેના પરથી સ્પષ્ટ થઇ રહ્યું છે.

આઠ માળખાકીય સવલતોના ક્ષેત્રમાં આઉટપુટમાં જુલાઇમાં ૨.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જોકે વાર્ષિક ધોરણે જોવામાં આવે તો માત્ર બે ક્ષેત્રમાં ક્રુડ ઓઇલ અને ગેસમાં નરમાઇ જોવા મળી છે. ક્રુડમાં ઉત્પાદનમાં ૩.૮ ટકાનું



સંકોચન જુલાઇમાં જોવા મળ્યું છે. તેની સામે અગાઉના મહિને ઘટાડો ૧.૭ ટકા રહ્યો હતો. કુદરતી ગેસમાં ઉત્પાદન ઘટ્યું છે, અલબત્ત સોળ મહિનાના અંતરાલ બાદ નજીવો ઘટાડો ૦.૩ ટકા જોવા મળ્યો છે. બેઝ સામાન્ય થતો જશે તેની સાથે મહત્વના માળખાકીય સવલતોના ક્ષેત્રમાં વિકાસ દર પર એક દબાણ ઓગસ્ટમાં જોવા મળ્યું હતું. ત્યાર બાદ તેમાં સપ્ટેમ્બરમાં રિકવરીની ગણતરી મુકવામાં આવી રહી છે કારણ કે, બેઝ પાછો સાનુકુળ થઇ રહ્યો છે તેવો મત કેટલાંક વિશ્લેષકોએ વ્યક્ત કર્યો હતો. અલબત્ત, કોર ઇન્ડેક્સ જોવામાં આવે તો તેમાં વિકાસ દર જુલાઇમાં સારો કહી શકાય તેવો ૬.૧ ટકા રહ્યો છે.

જે આંકડાકીય વિગતો જોવા મળી રહી છે તે અનુસાર કોલસાના ઉત્પાદનમાં જુલાઇમાં વધારાનો દર અગાઉના મહિને ૩૨.૧ ટકા હતો તેનાથી ઘટીને ૧૧.૪ ટકા જોવા મળ્યો છે. ફર્ટીલાઇઝરમાં અગાઉના મહિને ઉત્પાદનમાં વધારાનો દર ૮.૨ ટકા રહ્યો હતો તે ઘટીને ૬.૨ ટકા થયો છે. તેવી જ રીતે સિમેન્ટના કિસ્સામાં જુલાઇ મહિનામાં ઉત્પાદનનો વિકાસ દર તિવ્ર ઘટાડા સાથે ૨.૧ ટકા થયો છે. જે અગાઉના મહિને ૧૬.૫ ટકા હતો.

સ્ટીલનું ઉત્પાદન ૯.૪ ટકાનો વિકાસ દર હતો તે ઘટીને ૫.૭ ટકા થયો છે. જ્યારે વીજ ઉત્પાદનમાં વિકાસ દર ધીમો પડીને છેક ૧૬.૫ ટકાથી ૨.૨ ટકા પર આવ્યો છે.

ઇન્ડીયા રેટીંગના અર્થશાસ્ત્રીનું કહેવું છે કે, રિકવરીના મોરચે હજી ઘણી લાંબી મજલ કાપવાની રહે છે. સિઝનલી એડજસ્ટેડ માસિક ધોરણે જોવામાં આવે તો કોર સેક્ટરમાં જુલાઇમાં આઉટપુટમાં અગાઉના મહિનાની સરખામણીમાં ૧.૨ ટકાનો ઘટાડો થયો છે.

REGD NO. GAMC 944 FE (GUJ) AHMD. RNI NO:48890/1991 Printed and published by Hareshkumar k Bhagdev on behalf of M/s The Indian Express Private Limited and printed at Bhaskar Print Planet, Survey No. 148P, Changodar-Bavla Highway, Tal. Sanand, Dist. Ahmedabad and published at 3rd Floor, Sambhav House, Bodakdev, Ahmedabad-380 015. Phone (Board): 26872481-82, Fax: 079-26873950. Chairman of the Board - Viveck Goenka, Editor - Shyamal Majumdar, Editor (Ahmedabad): Jyotsna Bhatnagar* (*Responsible for selection of news under the PRB Act) © Copyright: The Indian Express Private Limited. All rights reserved. Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission is prohibited. The Financial Express®

REGD NO. GAMC 944 FE (GUJ) AHMD. RNI NO:48890/1991 બોર્ડના અધ્યક્ષ : વિવેક ગોએન્કા, એડિટર : શ્યામલ મજુમદાર, એડિટર (અમદાવાદ) : જ્યોત્સના ભટનાગર* મુદ્રક પ્રકાશક : ધી ઈન્ડિયન એક્સપ્રેસ પ્રાઇવેટ લિમિટેડ, એક્સપ્રેસ ટાવર્સ, નરીમાન પોઇન્ટ, મુંબઇ- ૪૦૦ ૦૨૧ના માલિકો વતી હરેશકુમાર કે ભગદેવ સમભાવ હાઉસ, ઉજો માળ, જજીસ બંગલા પાસે, બોડકદેવ, અમદાવાદ- ૩૮૦ ૦૧૫થી પ્રસિદ્ધ કર્યુ. મુદ્રણ : ભાસ્કર પ્રિન્ટ પ્લેનેટ, સર્વે નંબર ૧૪૮-પી, ચાંગોદર-બાવળા હાઇવે, તા. સાણંદ, જિ. અમદાવાદ તંત્રી વિભાગ : સમભાવ હાઉસ, ઉજો માળ, જજીસ બંગલા પાસે, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫, ફોન (બોર્ડ) ૨૬૮૭૨૪૮૧-૮૨, ફેક્સ : ૨૬૮૭૩૯૫૦ (*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર) © કોપીરાઇટ - ધી ઈન્ડિયન એક્સપ્રેસ પ્રાઇવેટ લિમિટેડને તમામ હક્કો સ્વાધીન રહેશે. લેખિત પૂર્વમંજૂરી વિના કોઇ પણ સ્વરૂપે, ઇલેક્ટ્રોનિક મિડિયા કે અન્યથા સંપૂર્ણ કે આંશિક પુનઃપ્રસિદ્ધિ પ્રતિબંધિત છે. ધી ફાયનાન્સિયલ એક્સપ્રેસ®

MAS RURAL HOUSING & MORTGAGE FINANCE LIMITED
Narayan Chambers, 2th Floor, B/h. Patang Hotel, Ashram Road, Ahmedabad-380009. Contact : 079-41106500 / 733

કબજા નોટિસ

(સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ ૮(૧))(સ્થાવર મિલકત માટે-અમૂલ્ય મિલકત માટે)

આથી, નીચે સહી કરનાર તે **માસ રૂરલ હાઉસિંગ અને મોર્ગેજ ફાઇનાન્સ લિમિટેડ** ના ઓથોરાઈઝ્ડ અધિકારીએ ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨નો ઓર્ડર ૫૪) અને કાયદા તળેની સેક્શન ૧૩ (૧૨) સાથે ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ -૩ મુજબ મળેલ પાવર્સ મુજબ નીચે મુજબના કરજદાર / સહ-કરજદાર / જામીનદારને તા. ૨૭-૦૫-૨૦૨૨ના રોજ નોટિસ આપેલી અને તે નોટીસમાં જણાવેલ રકમ નોટીસ મળ્યાથી દિન ૬૦માં ચુકવવા જણાવેલ.

કરજદાર આ રકમ ચૂકવવામાં અસમર્થ રહેલ છે, જેથી સદર કરજદાર / સહ-કરજદાર / જામીનદાર અને જાહેર જનતાને આ નોટિસથી જણાવવામાં આવે છે કે સામાન્ય રીતે મિલકત સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને મિલકત સાથે થતા કોઈ પણ સોદાની તા. ૨૭-૦૫-૨૦૨૨ મુજબ લેણી થતા તેની પરના વ્યાજ ની રકમ માટે **માસ રૂરલ હાઉસિંગ અને મોર્ગેજ ફાઇનાન્સ લિ.** નાચાર્જમાં ગણાશે.અમો નીચે સહી કરનારે નીચે દર્શાવેલી મિલ્કતોનો **તા. ૦૧-૦૯-૨૦૨૨ ના રોજ સાંકેતિક કબજો** સેક્શન ૧૩ના સબસેક્શન (૪) સાથે રૂલ- ૮ તળે મળેલ સત્તાની રૂએ મેળવેલ છે.

કરજદાર/સહ કરજદાર / જામીનદાર નું ધ્યાન દોરવામાં આવે છે કે, સદર કાયદાની કલમ ૧૩ની સબ-સેક્શન (૮) મુજબ સદર મિલ્કતની પુનઃ પ્રાપ્તિ માટે ઉપલબ્ધ સમયમાં કલેઈમ કરી શકે છે.

કરજદાર/સહ-કરજદાર/જામીનદારનાં નામ	સ્થાવર મિલકતનું વર્ણન	લોન એકાઉન્ટ નં પઝેશનની તારીખ	બાકી નીકળતી લેણી રકમ (જે ડિમાન્ડ નોટિસમાં જણાવ્યા પ્રમાણે)
શૈલેષકુમાર ઈશ્વરભાઈ પટેલ (અરજદાર) સવિતાબેન શૈલેષકુમાર પટેલ (સહ અરજદાર)	જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ સાબરકાંઠા ખાતે આવેલ મોજે અણિયોદ ગામ, તા. તલોદ, જીલ્લો સાબરકાંઠા ખાતે આવેલ અણિયોદ ગામ ની ગામતળની જમીન ની ગામતળ મિલ્કત નં. ૬૩૬, કે જેનું ક્ષેત્રફળ ૧૫૪.૨૧ ચો.મી. છે. તેવી બાંધકામ સહીતની તમામ મિલ્કત.	લોન એકાઉન્ટ નં. 754 ૦૧-૦૯-૨૦૨૨	તા. ૨૮-૦૫-૨૦૨૨ ના રોજ બાકી રૂા.૮,૯૨,૨૫૩.૦૦ (અંકે રૂપિયા આઠ લાખ બાણું હજાર બસો ત્રેપન પુરા)

તારીખ : ૦૩-૦૯-૨૦૨૨
સ્થળ : સાબરકાંઠા

અધિકૃત અધિકારી શ્રી ભરત જે. ભટ્ટ (મો.) ૯૭૧૪૧૯૯૦૧૮
વતી, માસ રૂરલ હાઉસિંગ એન્ડ મોર્ગેજ ફાઇનાન્સ લિમિટેડ

ARVIND FASHIONS

અરવિંદ ફેશન્સ લીમીટેડ

CIN: L52399GJ2016PLC085595
રજીસ્ટર્ડ ઓફીસ: મેઇન બિલ્ડીંગ, અરવિંદ લીમીટેડ પ્રીમાઇસીસ, નરોડા રોડ, અમદાવાદ–૩૮૦ ૦૨૫
વેબસાઇટ: www.arvindfashions.com **ઇમેઇલ:** investor.relations@arvindbrands.co.in
ફોન: +૯૧ ૭૯ ૬૮૨૬૮૦૦૦–૮૧૦૮–૦૯

૭મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ અને ઇ–વોટીંગ માહિતી અને બુક બંધ

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા ("એજીએમ") **સોમવાર, ૨૬ સપ્ટેમ્બર,૨૦૨૨ ના રોજ બપોરે ૦૨:૦૦ કલાકે** ફક્ત વિડિયો કોન્ફરન્સીંગ (વીસી) અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) મારફત એકજ સ્થળે સભ્યોની પ્રત્યક્ષ હાજરી વગર, એજીએમની નોટીસમાં જણાવેલ સામાન્ય અને ખાસ કામકાજો પાર પાડવા માટે, સામાન્ય પરિપત્ર નં. ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૨૦/૨૦૨૦, ૦૨/૨૦૨૧, ૧૯/૨૦૨૧, ૨૧/૨૦૨૧ અને ૦૨/૨૦૨૨ અનુક્રમે તારીખ ૮ એપ્રિલ ,૨૦૨૦, ૧૩ એપ્રિલ ૨૦૨૦, ૫ મે, ૨૦૨૦, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧, ૮ ડિસેમ્બર, ૨૦૨૧, ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ અને ૫ મે, ૨૦૨૨ (એમસીએ પરિપત્રો) અને સિક્યોરીટીઝ અને એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા દ્વારા તેના પરિપત્ર તારીખ ૧૩ મે, ૨૦૨૨ સાથે વંચાતા ૧૨ મે, ૨૦૨૦ અને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧ (સેબી પરિપત્રો) અનુસાર એજીએમની નોટીસમાં જણાવેલ કાર્યો પાર પાડવા માટે યોજાશે.

ઉપરોક્ત પરિપત્રો અંતર્ગત એજીએમ નોટીસ અને નાણાંકિય વર્ષ ૨૦૨૧–૨૨ નો વાર્ષિક અહેવાલ (એન્યુઅલ રીપોર્ટ) ની લિંક જે સભ્યોના ઇમેઇલ એડ્રેસ કંપની અથવા ડિપોઝીટરી પાસે રજીસ્ટર્ડ છે તેમને ફક્ત ઇલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવ્યા છે. એજીએમની નોટીસ અને વાર્ષિક અહેવાલોની નકલ કંપનીની વેબસાઇટ www.arvindfashions.com, સ્ટોક એક્સચેન્જો એટલે કે બીએસઇ લીમીટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લીમીટેડની વેબસાઇટ અનુક્રમે www.bseindia.com અને www.nseindia.com અને એનએસડીએલની વેબસાઇટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ રહેશે.

કંપની કાયદા, ૨૦૧૩ ની કલમ ૯૧ ની જોગવાઇઓ સાથે વંચાતા કંપની (વ્યવસ્થાપન અને પ્રશાસન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૧૦ અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫ (સેબી લિસ્ટીંગ રેગ્યુલેશન્સ) ના નિયમન ૪૨ અન્વયે અહીં નોટીસ આપવામાં આવે છે કે, કંપનીના રજીસ્ટર ઓફ મેમ્બર્સ અને શેર ટ્રાન્સફર બુક્સ **મંગળવાર, ૨૦ સપ્ટેમ્બર,૨૦૨૨ થી સોમવાર, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૨** સુધી (બંને દિવસો સહીત) એજીએમના હેતુસર બંધ રહેશે.

સમયાનુસાર કરાયેલ સુધારાઓ મુજબ કંપની (વ્યવસ્થાપન અને પ્રશાસન) નિયમો,૨૦૧૪ ના નિયમ ૨૦ સાથે વંચાતી કંપની કાયદા,૨૦૧૩ (એક્ટ) ની કલમ ૧૦૮, સામાન્ય સભાઓ માટે ઇન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલ સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડસ ૨ અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫ ના નિયમન ૪૪ ના અનુપાલન હેઠળ, કંપની એજીએમની નોટીસમાં જણાવેલ તમામ ઠરાવો પર ઇલેક્ટ્રોનિક માધ્યમથી મત આપવા માટે બધા સભ્યોને રીમોટ ઇ–વોટીંગ તેમજ એજીએમ દરમિયાન ઇ–વોટીંગની સવલત પુરી પાડવામાં આવશે. કંપનીએ સભ્યોને ઇ–વોટીંગની સવલત આપવા માટે નેશનલ સિક્યોરીટીઝ ડિપોઝીટરી લીમીટેડ ('એનએસડીએલ') ની નિમણુંક કરેલ છે. એજીએમ દરમિયાન ઇ–વોટીંગની સુવિધા એજીએમમાં હાજર રહેનાર અને રીમોટ ઇ–વોટીંગથી અગાઉ તેમનો મત આપ્યો નથી તેવા સભ્યો માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. જે સભ્યોએ એજીએમ પહેલા રીમોટ ઇ–વોટીંગથી તેમના મત આપ્યા છે તેઓ એજીએમમાં હાજર રહી શકે છે / ભાગ લઇ શકે છે, પરંતુ ફરીથી તેઓ મત આપવા હકદાર ગણાશે નહી. ઇ–વોટીંગની વિગતો અને ઇ–વોટીંગની પ્રક્રિયા એજીએમની નોટીસમાં આપવામાં આવેલ છે.

સભ્યોને નીચેના ગાળા દરમિયાન રીમોટ ઇ–વોટીંગની સવલત ઉપલબ્ધ રહેશે:

રીમોટ ઇ–વોટીંગની શરૂઆત	**શુક્રવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારે ૯.૦૦ થી**
રીમોટ ઇ–વોટીંગની સમાપ્તિ	**રવિવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૦૫.૦૦ વાગ્યા સુધી**

ત્યારબાદ રીમોટ ઇ–વોટીંગ મોડ્યુલ વોટીંગ માટે એનએસડીએલ દ્વારા બંધ કરવામાં આવશે.

રીમોટ ઇ–વોટીંગ અને એજીએમમાં વોટીંગ માટે સભ્યોની લાયકાત નક્કી કરતી **કટ– ઓફ તારીખ સોમવાર, ૧૯ સપ્ટેમ્બર ,૨૦૨૨** છે. નોટીસ મોકલ્યા પછી કંપનીના શેરો મેળવનાર અને કંપનીના સભ્ય બનનાર અને કટ–ઓફ તારીખના રોજ શેરો ધરાવતી કોઇપણ વ્યક્તિ evoting@nsdl.co.in પર તેમના ડિમેટ એકાઉન્ટ નંબર/ ફોલિયો નંબર, પેન, નામ અને રજીસ્ટર્ડ સરનામું જણાવતી અરજી મોકલીને લોગીન આઇડી અને પાસવર્ડ મેળવી શકે છે. ઇલેક્ટ્રોનિક વોટીંગની પ્રક્રિયા એજીએમની નોટીસ તેમજ એનએસડીએલ દ્વારા સભ્યોને મોકલાયેલ મેઇલમાં આપેલ છે. વધારાની માહિતી માટે www.evoting.nsdl.com પર ડાઉનલોડ સેક્શનમાં ઉપલબ્ધ શેરહોલ્ડરો માટેના ઇ–વોટીંગ યુઝર મેન્યુઅલ જોવા વિનંતી છે.

કોઇપણ પુછપરછના કિસ્સામાં, તમે www.evoting.nsdl.com ના ડાઉનલોડ સેક્શનમાં ઉપલબ્ધ શેરહોલ્ડરોના વારંવાર પુછાતા પ્રશ્નો (એફએક્યુએસ) અથવા શેરહોલ્ડરો માટેના ઇ–વોટીંગ યુઝર મેન્યુઅલ જોઇ શકો છો અથવા ટોલ ફ્રી નં: ૧૮૦૦–૨૨૨–૯૯૦ પર કોલ કરી શકો છો અથવા evoting@nsdl.co.in પર અરજી મોકલી શકો છો. એજીએમ પહેલા અથવા એજીએમ દરમિયાન મદદ ઇચ્છતા સભ્યો એનએસડીએલના અધિકારી કુમારી સરીતા મોટેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૦૨૦ ૯૯૦ અને ૯૧–૨૨–૨૪૯૯૪૮૯૦ પર અથવા evoting@nsdl.co.in પર સંપર્ક કરી શકે છે.

બોર્ડના હુકમથી
અરવિંદ ફેશન્સ લીમીટેડ વતી
લીપી ઝાઁ
કંપની સેક્રેટરી

સ્થળ: અમદાવાદ
તારીખ: ૦૨.૦૯.૨૦૨૨

DELHIVERY LIMITED

(Formerly known as Delhivery Private Limited)
CIN: L63090DL2011PLC221234

INFORMATION REGARDING 11TH ANNUAL GENERAL MEETING TO BE HELD THROUGH VIDEO CONFERENCING ("VC") / OTHER AUDIO-VISUAL MEANS ("OAVM")

Members may please note that the 11th Annual General Meeting ('**AGM**') of Delhivery Limited ('**Company**') will be held through VC / OAVM on Thursday, September 29, 2022 at 11:00 AM (IST) in compliance with all the applicable provisions of the Companies Act, 2013 ('**Act**'), rules made thereunder and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 read with general circular nos. 14/2020 dated April 08, 2020, 17/2020 dated April 13, 2020, 20/2020 dated May 05, 2020 and subsequent circulars issued in this regard, the latest being 2/2022 dated May 05, 2022 issued by Ministry of Corporate Affairs and circular no. SEBI/HO/CFD/CMD/2/CIR/P/2022/62 dated May 13, 2022 issued by SEBI and other applicable circulars issued in this regard (collectively referred as '**Circulars**'), to transact the business(es) as set out in the notice of AGM ('**Notice**'). Members attending the meeting through VC/OAVM shall be counted for the purpose of reckoning the quorum under Section 103 of the Act.

In compliance with the above Circulars, the Notice and Annual Report 2021-22 ('**Annual Report**') will be sent, in due course, only through electronic mode to all the Members whose e-mail addresses are registered with the Company/ Depository Participants ('**DPs**'). The same will also be available on the website of the Company at **www.delhivery.com**, Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at **www.bseindia.com** and **www.nseindia.com** respectively, Company's Depository i.e. National Securities Depository Limited at **https://www.evoting.nsdl.com/** and Registrar and Transfer Agent of the Company i.e. Link Intime India Private Limited ('**Link Intime**') at **www.linkintime.co.in**. The copies of the Notice along with Annual Report for the FY 2021-22 shall be sent to those Members who request for the same.

Manner of casting vote (s) through e-voting:

Members can cast their vote(s) on the business(es) as set out in the Notice through electronic voting system ('**e-voting**'). The manner of voting, including voting remotely ('**remote e-voting**') by the Members holding shares in dematerialized mode, physical mode and for Members who have not registered their e-mail address has been provided in the Notice. Members attending the AGM who have not cast vote(s) by remote e-voting will be able to vote electronically at the AGM.

Manner of registering / updating e-mail address:

a) Members holding share(s) in physical mode: by registering e-mail address with Link Intime. Click the link on their website **www.linkintime.co.in** at the Investor Services tab, choose the E-mail Registration heading and follow the registration process as guided therein. The Members are requested to provide details such as Name, DP ID, Client ID/ PAN, mobile number and e-mail ID. In case of any query, a member may send an e-mail to Link Intime at **rmt.helpdesk@linkintime.co.in**.

b) Members holding share(s) in electronic mode; by registering/updating their e-mail ID in respect of demat holdings with the respective DPs by following the procedure prescribed by the DPs for receiving all communications from the Company electronically.

Members are requested to carefully read the Notice and in particular, instructions for joining AGM, manner of casting vote through remote e-voting or e-voting at the AGM.

By Order of the Board of Directors
For Delhivery Limited
Sd/-
Sunil Kumar Bansal
Company Secretary and Compliance Officer

Date: September 01, 2022
Place: Gurugram

Registered Office: N24-N34, S24-S34, Air Cargo Logistics Centre-II, Opposite Gate 6 Cargo Terminal, IGI Airport, New Delhi 110037
Corporate Office: Plot No.-5 Sector-44 Gurugram, Haryana 122002
Web: www.delhivery.com, **Email:** corporateaffairs@delhivery.com, **Contact No.:** +91 124 6225602

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

PUNJAB NATIONAL BANK
(A GOVT.OF INDIA UNDERTAKING)
HO: PRINTING & STATIONERY DEPARTMENT
FIRST FLOOR, C- 13, SECTOR- 1, NOIDA - 201301 (U.P.)

E- TENDER FOR PROCUREMENT OF 2,50,000 KGS OF 95 GSM MICR PAPER

Open tenders are invited from IBA approved paper mills or their nominated distributors through bank's e -procurement portal for procurement of 2,50,000 KGs of 95 GSM MICR paper.

For further details, interested bidders may refer to the tender document which can be downloaded from Bank's e -procurement portal https://etender.pnbnet.in or from Bank's website www.pnbindia.in.

The same can also be collected in person on any working day from 03.09.2022 to 19.09.2022 during working hours from Punjab National Bank, Printing & Stationery Deptt., First floor, C-13 Sector-1, NOIDA (UP).

Last date of submission of the e-tender through Bank's e -procurement portal is 19.09.2022 up to 01:00 p.m.

(CHIEF MANAGER)

FORM NO. URC-2

Advertisement giving notice about registration under Part I of Chapter XXI
[Pursuant to section 374(b) of the Companies Act, 2013 and Rule 4 (1) of the Companies (Authorised to Register) Rules, 2014]

1. Notice is hereby given that in pursuance of sub-section (2) of Section 366 of the Companies Act, 2013, an application is proposed to be made after fifteen days hereof but before the expiry of thirty days hereinafter to the **Registrar at Central Registration Centre (CRC) Indian Institute of Corporate Affairs (IICA), Plot No. 6, 7, 8, Sector 5, IMT Manesar, District Gurgaon (Haryana), Pin Code-122050** that "**M/s. SHREE HARI CONSTRUCTION",** a Partnership firm may be registered under Part I of Chapter XXI of the Companies Act 2013, as a Company limited by shares.
2. **The principal objects of the company are as follows:**
To construct and deal in bricks, tiles, stone and other building materials of any kind, and all implements, machinery, vehicles, scaffolding, cuplock system and other equipment and articles used by builders and contractors and to carry on business to construct, build develop, maintain, operate, own and transfer infrastructure facilities including housing, roads, highways, bridges, factories, work houses, airports, rail systems for public and private works contracts, sub-contracts, government, semi-government work contracts and to carry on the business of builders, constructors, developers, contractors, or otherwise deal in houses, commercial complex, flats, hotels, land, buildings, sheds, or any other property and to carry on business of builders and contractors for civil and construction or demolition work of any kind and to purchase or otherwise acquire lands, houses, offices, workshops, buildings and premises for the purpose of aforesaid business and to purchase or otherwise acquire and to construct and deal in portable buildings for use as offices, storage, accommodation or for any other purpose connected with the work of builders and contractors, erect or otherwise deal in any kind of site fabrication, all installation work and to carry on business relating to urban and town planning, landscape, architecture, structural engineering, piling engineering and electrical engineering, interior designing, constructional engineering and project work of any type including commission work." .
3. A copy of the draft Memorandum and Articles of Association of the proposed Company may be inspected at its registered office at **B/1710, West Gate, Nr, YMCA Club, S.G Highway, Ahmedabad-380051, Gujarat.**
4. Notice is hereby given that any person objecting to this application may communicate their objection in writing to the **Registrar at Central Registration Centre (CRC), Indian Institute of Corporate Affairs (IICA), Plot No. 6,7, 8, Sector 5, IMT Manesar, District Gurgaon (Haryana), Pin Code-122050,** within twenty one days from the date of publication of this notice, with a copy to the Company at its registered office.

NAME OF APPLICANTS
Sd/-
1. DIPAK GAJJAR (Partner) | **2. MITESH PATEL** (Partner)

Date : 03.09.2022
Place : Ahmedabad

JINDAL POLY FILMS LIMITED

[CIN : L17111UP1974PLC003979]
Registered Office : 19th K.M., Hapur-Bulandshahr Road P.O. Gulaothi, Distt. Bulandshahr, Uttar Pradesh - 203408, Tel No. 05732- 228057
Corporate Office : Plot No. 12, Sector B-1, Local Shopping Complex, Vasant Kunj, New Delhi – 110 070, Phone: (011) 40322100, Fax : (011) 40322129
Email: cs_jpoly@jindalgroup.com, Website: www.jindalpoly.com

Public Notice –48th ANNUAL GERENAL MEETING

This is to inform that the 48th Annual General Meeting ("AGM") of Jindal Poly Films Limited ("the Company") will be held on Friday 30TH September, 2022 at 3:00 p.m. through video conferencing (VC)/ other audio visual means (OAVM) in compliance with General Circulars 2/2022 dt. May, 5 2022 and 19/2021dt. December, 08 2021 other circulars issued by the Ministry of Corporate Affairs (MCA) in this regard in previous years read with Circular No. SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 dt. May 13, 2022 issued by SEBI (hereinafter collectively referred to as "the Circulars").

In compliance with the said Circulars, the Notice of the AGM as approved by the Board on August 30,2022 containing manner to participate in E-AGM and E-Voting Process (both remote and insta) along with Annual Report for the financial year 2021-22, will be sent in due course through electronic mode ONLY, to those members whose email addresses are registered with the Company /RTA/ Depository Participant (DP) and will also be available on the website of the Company at www.jindalpoly.com and on the website of Stock Exchanges viz National Stock Exchange of India Limited (NSE) at www.nseindia.com and BSE Limited at www.bseindia.com.

Members can attend and participate in the AGM only through VC/OAVM,the details of which along with manner to participate in e-voting process (both remote and insta) will be provided by the Company in the Notice of AGM. The members attending the meeting through VC/OAVM shall be counted for the purpose of quorum under section 103 of the Act and hence Members are requested to register/update their email address by following the below procedure:

Physical Holding	Members who have not registerd/updated their e-mail address with the Company are requested to register/update their email address by providing the same to the Company's Registrar and Share Transfer Agent Kfin Technologies Private Limited by clinking on link https://ris.kfintech.com/clientservices/mobilereg/mobileemailreg.aspx for receiving communication electronically or by sending an e-mail request at the email ID einward.ris@kfintech.com along with signed scanned copy of the request letter providing the email address, mobile number, self-attested PAN copy and copy of share certificate for registering their email address and receiving the Annual Report, AGM Notice and the e-voting instructions.
Demat Holding	Register/update the details in your demat account, as per the process advised by your respective DP

The above information is being issued for the information and benefit of all the members of the Company and is in compliance with the MCA Circular(s) and the SEBI Circular(s).

For Jindal Poly Films Limited
Sd/-
Sunit Maheshwari
Company Secretary

Place : New Delhi
Date : 02/09/2022

Best Agrolife Limited
Think Big, Think Best

BEST AGROLIFE LIMITED
CIN:L74110DL1992PLC116773
Regd. & Corporate Office: B-4, Bhagwan Dass Nagar, East Punjabi Bagh, New Delhi-110026
Ph: 011-45803300 | Email: info@bestagrolife.com | Website: www.bestagrolife.com

INFORMATION REGARDING 31ST ANNUAL GENERAL MEETING OF THE COMPANY

In compliance with the applicable provisions of the Companies Act, 2013 (the 'Act') and rules made thereunder and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 read with the General Circulars 2/2022 and 19/2021, other circulars issued by the Ministry of Corporate Affairs (MCA) and Circular SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 dated May 13, 2022 issued by SEBI (hereinafter collectively referred to as "the Circulars"), the **31st Annual General Meeting ('AGM')** of the Members of **BEST AGROLIFE LIMITED** will be held on **Wednesday, September 28, 2022 at 12:30 P.M**. (IST) through Video Conferencing **('VC')/**Other Audio Visual Means **('OAVM')** to transact the businesses set forth in the Notice of AGM. Members attending the AGM through VC / OAVM shall be reckoned for the purpose of quorum under Section 103 of the Act.

In accordance with the MCA Circulars and SEBI Circulars, the Notice of AGM and the Financial Statements for the Financial Year 2021-22 along with Reports of the Board of Directors and the Auditors and other documents required to be attached thereto (collectively referred as 'Annual Report') will be sent only through electronic mode to those Members whose email addresses are registered with the Company/ Depository Participants (DPs). The instructions for joining and manner of participation in the AGM has been provided in the Notice of the AGM.

Members, who are holding shares in physical/ electronic form and their e-mail addresses are not registered with the Company/ their respective Depository Participants, are requested to register their e-mail addresses at the earliest by sending scanned copy of a duly signed letter by the Members mentioning their name, complete address, folio number, number of shares held with the Company along with self-attested scanned copy of the PAN Card and self-attested scanned copy of any one of the following documents viz. Aadhar Card, Driving Licence, Election Card, Passport, utility bill or any other Government document in support of the address proof of the Members as registered with the Company for receiving the Annual Report 2021-22 along with the AGM Notice by email to info@bestagrolife.com or info@skylinerta.com. Members holding shares in demat form can update their email address with their Depository Participants. The shareholders may also contact to the Company at our Corporate Office in case of any clarification to register their email id & mobile number.

Members holding shares in physical form who wish to avail NECS facility may authorize the Company with their NECS mandate in the prescribed form, which can be downloaded from the Company's website **www.bestagrolife.com** and the requests for payment of dividend through NECS should be sent latest by 21st September, 2022 at **info@bestagrolife.com** and members holding shares in demat form who wish to avail NECS facility, may send mandate in the prescribed form to their respective Depository Participants.

The Company is providing remote e-voting facility to all its members to cast their votes on the resolutions set out in the Notice of the AGM. Additionally, the Company is also providing the facility of voting through e-voting system during the AGM. Detailed procedure for casting votes through remote e-voting/ e-voting has been provided in the Notice of the AGM.

The Company has fixed the record date September 21, 2022 for the purpose of determining the member entitled for receiving dividend for the Financial Year 2021-22 and the said notice is also available on the website of the company at **www.bestagrolife.com.**

The Notice of the AGM along with Annual Report will be placed on the website of the Company i.e. **www.bestagrolife.com** and on the website(s) of Stock Exchanges i.e. **www.bseindia.com**.

For Best Agrolife Limited
Astha Wahi
CS & Compliance Officer

Place: New Delhi
Date: 2nd September, 2022

GLITTEK GRANITES LIMITED

CIN: L14102KA1990PLC023497
Registered Office: Plot No. 42, KIADB Industrial Area, Hoskote, Bangalore - 562 114. Phone: (080) 27971565/566, Fax: (080) 27971567
www.glittek.com, E-mail: info@glittek.com

NOTICE

NOTICE is hereby given that 32nd Annual General Meeting of the Company will be held on Monday, 26th September, 2022 at 12.30 p.m. via two-way Video Conferencing ('VC facility')/Other Audio-Visual Means ('OAVM') ONLY to transact the businesses as set out in the Notice of the AGM.

